

આખરે તંત્ર દ્વારા અનઅધિકૃત રીતે દબાણ કરીને ફૂટપાથ પર ધંધો કરનારા ફેરીયાને હટાવવાની કામગીરી સે-૨૧ ખાતે આજ રોજ કરવામાં આવી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

વૈષ્ણોદેવી સર્કલ પાસે કન્ટેનર પલ્ટી ખાઈ ગયું

પોલીસે ચાર ક્રેન મંગાવી કન્ટેનરને માર્ગ વચાળેથી હટાવ્યુ : કલાકો સુધી ટ્રાફિક જામ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર-સરખેજ હાઈ-વે પર વૈષ્ણોદેવી સર્કલ પાસે આજે વહેલી સવારે ભારે ભરખમ કંટેનર ભરેલ ટ્રક અચાનક જ પલ્ટી ખાઈ જતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતને પગલે કલાક સુધી ટ્રાફિક જામની ભારે સમસ્યા સર્જાઈ હતી.

ગાંધીનગર-સરખેજ હાઈ-વે પર દરરોજ મોટા પ્રમાણમાં ભારે વાહનની અવર-જવર રહે છે. મોટા વાહનોને લીધે વારંવાર અકસ્માત પણ થઈ રહ્યા છે. ત્યારે આજે આજ માર્ગ પર વધુ એક અકસ્માત સર્જાયો હતો. ખોડીયાર ગામે સ્થિત ખોડીયાર કન્ટેનર યાર્ડમાંથી કન્ટેનર નં. જીજે-૧-બી.વાય.૬૩૪૩ નો ચાલક કન્ટેનર લઈ વટવા જવા રવાના થયો હતો. દરમિયાન તોતીંગ કન્ટેનર ટ્રક લઈ નિકળેલા ચાલકે વૈષ્ણોદેવી સર્કલ પાસે ટ્રક પરનો કાબુ ગુમાવતા કન્ટેનર ટ્રક અચાનક જ પલ્ટી ખાઈ ગઈ હતી. પરિણામે ચાલકને માથાના ભાગે ઈજાઓ થતા તુરંજ સોલા સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો. બાદમાં પોલીસને જાણ થતાં અડાલજ પોલીસ ઘટનાસ્થળે આવી પહોંચી હતી. અને ચાર ક્રેન બોલાવી કન્ટેનર ટ્રકને માર્ગ પરથી દૂર કરવામાં આવી હતી. અકસ્માતના પગલે કલાકો સુધી ટ્રાફિક જામ સર્જાતા વાહન વ્યવહાર ખોરવાયો હતો. આ અકસ્માતને પગલે અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સે. ૨૮ના યુવાનનું શંકાસ્પદ મોત

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના સેક્ટર-૨૮ માં ૩૧ વર્ષીય યુવાનને બેભાન અવસ્થામાં સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં અચાનક જ સારવાર દરમિયાન તેનું કરૂણ મોત થવા પામ્યું હતું. આ મામલે પોલીસે ગુનો નોંધી મોત પાછળનું સાચુ કારણ શોધવા તપાસ હાથ ધરી છે.

શહેરના સેક્ટર-૨૮માં સ્થિત નવરત્ન સોસાયટી ખાતે પ્લોટ નં. ૨૨૩/૧ માં શિરિષ દેવેન્દ્રભાઈ પટેલિયા પોતાના પરિવાર સાથે રહે છે. દરમિયાન આજ મકાનમાં આજે ૩૧ વર્ષીય યુવાન શિરિષ દેવેન્દ્રભાઈ પટેલીયા બેભાન અવસ્થામાં પડ્યો હતો. થોડા સમય બાદ દેવેન્દ્રભાઈના પિતાએ રૂમમાં આવીને જોતા ચોંકી ઉઠ્યા હતા. ગભરાયેલા પિતાએ તુરંત જ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ડૉક્ટરે તપાસ કરતા તેને મૃત જાહેર કર્યો હતો. યુવાનના અચાનક મોતને પગલે પરિવારજનોમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. પોલીસે પણ યુવાનના મોત અંગે અકસ્માતે મોતનો ગુનો નોંધી મોત પાછળનું સાચુ કારણ શોધવા વધુ તપાસ હાથ ધરી છે.

કુડાસણમાં મહિલાઓના ઉત્થાન માટેના તાલીમ વર્ગો શરુ કરાયા

ગાંધીનગર, તા. ૨૨

શહેરમાં વિવિધ સેવાકીય કાર્ય કરતી ઉડાન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વધુ એક સારુ કાર્ય કરવામાં આવી રહ્યુ છે. ટ્રસ્ટ કુડાસણ ગામની મહિલાઓને સ્વનિર્ભર બનાવશે. મહિલાઓને વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની કામગીરી શિખવાડશે.

ગાંધીનગર પાસેના કુડાસણમાં જિલ્લા પંચાયત પ્રમુખના હસ્તે હેન્ડીક્રાફટના વર્ગોનો શુભારંભ કરવામાં આવ્યો હતો. નગરની ઉડાન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કુડાસણ ગામમાં મહિલાઓ માટે હેન્ડીક્રાફટ ના વર્ગો શરુ કરવામાં આવ્યા છે.

કુડાસણની મહિલાઓ નવરાશના સમયનો સદઉપયોગ કરી સ્વનિર્ભર બનશે. ઉડાન ટ્રસ્ટ મહિલાઓને સ્વનિર્ભર બનાવવાના પાઠ શિખવાડશે. દર રવિવારે મહિલાઓને ગામમાં જ વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુ બનાવતા શિખવાડવામાં આવશે. વિવિધ હેન્ડીક્રાફટની વસ્તુઓ બનાવી આર્થિક રીતે પગભર બને તે હેતુથી મહિલાઓને તજજ્ઞ મહિલાઓ અભ્યાસ કરાવશે.

વેસ્ટ ન્યુઝ પેપરમાંથી મહિલાઓ છાબડી, મોબાઈલ કવર, કિચેન જેવી કલાત્મક વસ્તુઓ બનાવશે. મહિલાઓને આ વિષયની જાણકાર મહિલાઓ તાલીમ આપશે ત્યારે હાલના તબક્કે ૫૦થી પણ વધુ કુડાસણ ગામની મહિલાઓ આ તાલીમ વર્ગોમાં જોડાઈ છે.

ઉડાન ટ્રસ્ટ દ્વારા આ ગામમાં પ્રથમ તાલીમ વર્ગ શરુ કરવામાં આવ્યો છે. આગામી સમયમાં મહિલાઓના ઉત્થાન માટે આજુ બાજુના તમામ ગામોને સાંકળી લેવામાં આવનાર છે ત્યારે વધુને વધુ મહિલાઓ આ વર્ગોમાં જોડાઈ સ્વનિર્ભર બને તે જરુરી છે.

સેક્ટર-૨૧માં નવરાત્રિ મેળાનો શુભારંભ

વિવિધ ઈમિટેશન જ્વેલરીના ૨૦ થી વધુ સ્ટોલ લાગ્યા

ગાંધીનગર, તા. ૨૨

રાજ્યમાં મહિલા સશક્તિકરણને વેગવાન બનાવવા માટે સરકાર કટિબદ્ધ બની છે. મહિલાઓ સ્વ-નિર્ભર બની આગળ વધે તે માટે નવરાત્રિ મેળો યોજવામાં આવી રહ્યો છે. રાખી મેળા બાદ આજે સેક્ટર-૨૧માં નવરાત્રિ મેળાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જિલ્લાના સખી મંડળો દ્વારા ૨૦ જેટલા સ્ટોલ મુકવામાં આવ્યા છે.

ગાંધીનગરના આંગણે નવરાત્રિના પવિત્ર પર્વ નિમિત્તે નવરાત્રિ મેળાનું આયોજન તા. ૨૧ થી ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૪ દરમ્યાન સેક્ટર-૨૧ શાકમાર્કેટ નજીક કરવામાં આવ્યું છે. નવરાત્રિ મેળાને તા. ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૪ ના રોજ ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર મહેન્દ્રસિંહ રાણાના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ મેળામાં સ્વસહાય જૂથોના કુલ-૨૦ સ્ટોલો છે. રાજ્ય સરકારની મહિલાઓના ઉત્થાન માટેની કટિબદ્ધતા ધ્યાને લઈ મહિલા સશક્તિકરણ અંગેના પ્રયત્નો વધુ વેગવાન બનાવવાના ભાગરૂપે મિશન મંગલમ યોજના અંતર્ગત નવરાત્રિના પવિત્ર પર્વ નિમિત્તે નવરાત્રિ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ મેળામાં ચણીયાચોળી, કેડીયા, ગરબાને લગતી ચીજવસ્તુઓ, ડ્રેસ મટીરીયલ, માટીકામ, ખાણીપીણીના સ્ટોલ, ઈમીટેશન જ્વેલરી, પર્સ-બેગ્સ જેવી અનેક ચીજવસ્તુઓનું વેચાણ કરવામાં આવે છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ગાંધીનગર દ્વારા આવી ચીજવસ્તુઓનું ઉત્પાદન તથા વેચાણ કરતાં હોય તેવા સખીમંડળો/સ્વસહાય જૂથોનું સંકલન કરી સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે નવરાત્રિ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ તમામ સ્ટોલન્સના સંચાલનના ભાગરૂપે મંડપ બાંધવા, પ્રચાર-પ્રસાર કરવો, હોર્ડિંગ્સ બાંધવા, બેનર્સ લગાવવા વગેરે જેવી પ્રવૃત્તિઓ/ વ્યવસ્થા કરવામાં આવી. જેનો ખર્ચ ગુજરાત મ્યુનિસિપલ કોર્પોરેશન, ગાંધીનગર દ્વારા કરવામાં આવ્યો છે. આ મેળામાં મિશન મંગલમ્ યોજના, ગાંધીનગર તથા ગુજરાત મ્યુનિસિપલ કોર્પોરેશન, ગાંધીનગર હેઠળ સક્રિય એવા જૂથોને નવરાત્રી મેળામાં નિઃશુલ્ક દરે સ્ટોલની ફાળવણી કરવામાં આવી છે.

આ મેળાના ઉદ્‌ઘાટન પ્રસંગે ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનર ગાંધીનગર જી.આર. ચૌધરી, અધિક નિવાસી કલેક્ટર એમ.ડી. મોડિયા, જિલ્લા ગ્રામ વિકાસ એઝન્સી ગાંધીનગરના નિયામક જયશ્રીબેન દેવાંગણ, ગાંધીનગર મહાનગરપાલિકાના મહિલા કોર્પોરેટરો સહિત અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નવરાત્રિનો તહેવાર

'ઊર્જા અને શક્તિનો સંચાર કરે છે' આ શબ્દો છે તારક મહેતા ફેઈમ 'સુંદરવીરા' એટલે કે મયુર વાંકાણીના. વધુમાં તેણે એ પણ કહ્યું કે નવરાત્રીનો તહેવાર મા આદ્યશક્તિની આરાધના કરવાનો. માતાજીના નવ સ્વરૂપોના દર્શન, પૂજા કરી જીવનમાં પાવનતા મેળવવાનો આ સુવર્ણ અવસર છે. સેક્ટર-૬ સ્થિત સંતરોહીદાસ મંદિરમાં ચાલતા મલ્હાર પરફોર્મીંગ આર્ટસના ગરબા ક્લાસમાં મયુર વાંકાણીએ રવિવારે મુલાકાત લીધી હતી. જીવનમાં ઉત્સવો ખૂબ જ જરૂરી છે. માનવી રોજ બરોજના કામથી પરવારી ઉત્સવો મનાવે અને જે થકી એકબીજા નજીક આવે તે પણ સામાજિક પરંપરાનો ભાગ છે. દરેક તહેવારની ઉજવણી પુરા હર્ષ અને ઉલ્લાસથી જ થવી જોઈએ. પણ સાથે મર્યાદાઓનો ભંગ ન થાય તેની પણ જાળવણી જરૂરી છે. યુવાનોને સંબોધતા સુંદરવીરાએ ટેકનોલોજીમાં અત્યારે મોબાઈલનું ચલણ સૌથી વધુ છે. તેનો યોગ્ય ઉપયોગ થાય તે પણ ધ્યાન રાખવું જ જોઈએ. નવરાત્રિનો તહેવાર એક રીતે લોકોમાં સૌથી પ્રિય છે. પણ તેને સેફ સાઈડથી ઉજવવામાં આવે તો આનંદ અને ઉત્માદમાં ખૂબ જ વધારો થાય છે. વિશ્વના સૌથી લાંબા તહેવાર નવરાત્રિની ઉજવણી માટે નાના બાળકો યુવાઓ અને આબાલ વૃદ્ધોને શુભેચ્છાઓ પાઠવી હતી. ફાઈન આર્ટ્સનો અભ્યાસ કરી એક સારા શીલ્પકાર તરીકે મયુર વાંકાણીએ પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ મુલાકાત દરમિયાન રીવર ફ્રન્ટ પર મયુરના તૈયાર કરેલા સિંહોની કલાકૃતિને મુકવામાં આવી હતી. જે સૌથી મોટી ઉપલબ્ધ છે. અત્યાર સુધી ૧૨ જેટલી સુંદર શીલ્પ કૃતિઓ મયુર વાંકાણી દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

સિવિલ ડિફેન્સની બેઠક

ગાંધીનગર સિવિલ ડીફેન્સ નાગરિક સંરક્ષણ દળની માસિક બેઠક તા. ૨૬ સપ્ટેમ્બરના રોજ સાંજે ૫-૦૦ વાગે સિવિલ ડીફેન્સ કચેરી ડૉ. જીવરાજ મહેતા ભવન જૂના સચિવાલય ખાતે મળશે.

પેથાપુરનો મુસ્લીમ યુવાન લાપત્તા

ગાંધીનગર પાસેના પેથાપુર ગામની મુલચંદ પાર્ક સોસાયટીમાં રહેતો આશીફખાન દીલાવરખાન બેલીમ ઉં.વ. ૪૦ ૨૦મી સપ્ટેમ્બરના રોજ સાંજે કોઈને પણ કહ્યા વગર પોતાના ઘરેથી નિકળી ગયો હતો. યુવાનના ગુમ થવાની ઘટના સંદર્ભે પરિવારજનોએ પેથાપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસ ગુમ થનારની ફરિયાદ નોંધી તેની શોધ ખોળ હાથ ધરી છે.

પ્રજાપતિ સમાજની બેઠક

ગાંધીનગર પ્રજાપતિ સમાજની દ્વિવાર્ષિક જનરલ સભા આગામી તારીખ ૨૮ સપ્ટેમ્બર રવિવારના રોજ બપોરે ૪.૦૦ કલાકે ટાઉનહોલ સામેની લોન, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે મળનાર છે. જેમાં આગામી બે વર્ષ માટે સમાજના હોદ્દેદારોની વરણી તથા કારોબારીની રચના કરવામાં આવનાર છે. સમાજના સર્વે સભાસદ મિત્રો/ જ્ઞાતિબંધુઓને સમયસર હાજર રહેવા જણાવવામાં આવેલ છે.

ગલુદણની ૪૨ વર્ષીય મહિલા ગુમ

ગાંધીનગર તાલુકાના ગલુદણ ગામની સીમમાં આવેલ નંદુભાઈ ના બોર કુવા ખાતે રહેતી ૪૨ વર્ષીય પરણિતા ચંપાબેન ગોવિંદભાઈ નાયકા ગત ૧૦મી સપ્ટેમ્બર ૨૦૧૪ના રોજ ઘરેથી કોઈને પણ કહ્યા વિના નિકળી ગયા હતા. પરિવારજનો દ્વારા શોધખોળ કરવા છતા કોઈ પત્તો ન લાગતા આ અંગે ડભોડા પોલીસ મથકમાં જાણવા જોગ ફરિયાદ નોંધાઈ હતી.

અજાણ્યા યુવકનો મૃતદેહ મળ્યો : વાલી વારસની શોધખોળ જારી

કલોલ તાલુકાના સાંતેજ પોલીસ સ્ટેશનની હદમાંથી ગઈ ૧૧મીના રોજ અજાણ્યા યુવાનનો કોહવાઈ ગયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો છે. આ યુવાનની ઉંમર આશરે ૩૫ થી ૪૦ જેટલી જણાઈ આવે છે. પોલીસ દ્વારા યુવાનના વાલી વારસની શોધખોળ ચલાવવામાં આવી રહી છે. પરંતુ હજુ સુધી આ યુવાનના સગા-સંબંધીની ભાળ મળવા પામી નથી. ત્યારે આ અજાણ્યા યુવાનની માહિતી હોય તો સાંતેજ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા જણાવાયું છે.

સે. ૨ ના પેન્શનર્સ સમાજે નર્મદા ડેમનો પ્રવાસ માણ્યો

ગાંધીનગરના સેક્ટર-૨ પેન્શનર્સ સમાજ દ્વારા તાજેતરમાં નર્મદા ડેમના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસ સવારે પાંચ વાગે પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં પેન્શનર્સ સહ-પરિવાર જોડાયા હતા. રસ્તામાં વડોદરા નજીક હળવો નાસ્તો કર્યા પછી બપોરે ૧.૩૦ વાગે નર્મદા ડેમ પહોંચ્યા હતા. તમામ પ્રવાસીઓએ છલકાતા નર્મદા ડેમનો અદ્‌ભૂત નજારો માણ્યો હતો અને ત્યારબાદ સ્વાદીષ્ટ ભોજનનો લ્હાલો લીધો હતો. ભોજન બાદ ગરૂડેશ્વર તેમજ કુબેર ભંડારીના પણ દર્શન કરવા ગયા હતા.

પેન્શનર્સ સમાજની વાર્ષિક સામાન્ય સભા મળી

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની વાર્ષિક સામાન્ય સભા યોજવામાં આવી હતી. બેઠકમાં વાર્ષિક હિસાબોનો ઠરાવ મંજૂર કરવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં પેન્શનર્સ સમાજના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની બેઠક ગત ૨૧મીના રોજ પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને મળી હતી. બેઠકમાં પેન્શનર્સને લગતા વિવિધ પ્રશ્નોની છણાવટ કરવામાં આવી હતી. તેમજ વાર્ષિક હિસાબોના ઠરાવો મંજૂર કરવામાં આવ્યા હતા. સમાજ દ્વારા સંસ્થાનું મુખપત્ર 'પેન્શનર્સ સહયોગ'નું નામકરણનો ઠરાવ રજુ કરાયો હતો.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૯
સૂર્યાસ્ત : ૬.૩૪

તાપમાન

મહત્તમ : ૩૪.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૦ ટકા ● સાંજે ૬૪ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

દાવત એ ઈશ્ક : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

ખૂબસૂરત : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

ફાઈન્ડીંગ ફેની (અંગ્રેજી) : ૫.૪૫, ૧૦.૧૫

સ્ક્રીન-૩ :

ક્રિએચર (૩ડી) : ૬.૪૫

: સ્ક્રીન-૪ :

ફાઈન્ડીંગ ફેની : ૧૨.૧૫, ૨.૧૫, ૧૦.૦૦

બે યાર (ગુજરાતી) : ૪.૧૫

આગાડુ (તેલુગુ) : ૭.૦૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ખૂબસૂરત : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

દાવત એ ઈશ્ક : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૩ :

ક્રિચર : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

આપની આજ

મેષ : મનોકૂળ કાર્ય થવાનો યોગ. સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા મેળવી શકાય. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. શારીરિક પીડામાંથી રાહત મેળવી શકાય.

વૃષભ : કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યુ બની રહે. જમીન- મકાનની ખરીદી થઈ શકે છએ. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. સમય શુભ.

મિથુન : વાહન -જમીન- મકાનનાં પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. યાત્રા- પ્રવાસનું આયોજન લાભદાયી રહે.

કર્ક : માનસિક ચિંતા હળવી બનતી જણાય. રાજકીય ક્ષેત્રે પદ-પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

સિંહ : વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. સંઘર્ષ ટાળવો. નાણાંકીય મુશ્કેલીઓ દૂર થતી જણાય. ભાગ્યોદયનો સાથ મળી રહે.

કન્યા : કૌટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય. રોકાયેલા નાણાં પરત મળી શકે છે. આકસ્મિક ધન લાભ થઈ શકે છે. અકંદરે સમય સાનુકૂળ રહે.

તુલા : નાણાકીય સ્થિતિ મજબૂત બનતી જણાય. માનસિક ચિંતા હળવી બનતી જણાય. વાહન -જમીનનાં પ્રશ્નોનું નિરાકણ થઈ શકે છે. સમય શુભ.

વૃશ્ચિક : સંતાન સંબંધી પ્રશ્નોનનો ઉકેલ આવી શકે છે. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી સાબિત થઈ શકે છે.

ધન : સ્નેહી- મિત્રજનો સાથે યાત્રા -પ્રવાસનું આયોજન થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. દિવસ આનંદમય રીતે પસાર થાય.

મકર : માંગલિક પ્રસંગોમાં ભાગ લેવાનું થઈ શકે છે. સ્થાવર મિલકતની ખરીદી થઈ શકે છે. વેપાર અર્થે નવા રોકાણો થઈ શકે છે.

કુંભ : આધ્યાત્મિક તેજને કારણે તમારામાં નવી ચેતનાનો સંચાર થશે. રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આવકના સ્ત્રોતમાં વધારો થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં સમય પ્રગતિદાયક બની રહે.

મીન : આર્થિક સ્થિતિમાં સુધારો થતો જણાય. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. કુટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે.

ચિરવિદાય

- સ્વ. હંસાબા કિશોરસિંહ વાઘેલા (ઉ.વ.૫૮) પ્લોટ નં. ૫૭૮/એ/૧, વાસ્તુનિર્માણ સોસાયટી, સેક્ટર-૨૨, ગાંધીનગર
- સ્વ. ગોવિંદભાઈ શિવાભાઈ પટેલ (ઉ.વ.૬૫) એ-૨૪) હરીનગર સોસાયટી, વાવોલ, તા.જી. ગાંધીનગર
- સ્વ. નાનુભાઈ મોતીભાઈ નૈયર (ઉ.વ.૬૪) પ્લોટ નં. ૬૨૨/૧, સેક્ટર-૧૩(એ), ગાંધીનગર